
## જન્મદિને વધામણી



નરેન્દ્ર શાહ
મો. ૯૮૨૫૭ ૪૨૧૨૬



ત્રિકમલાલ શીવલાલ પટેલ
નિવૃત્ત શિક્ષક, શ્રી વરદાયિની હાઈસ્કૂલ, રૂપાલ
મો. ૯૯૭૪૭ ૧૬૨૪૭



જ્યોતીન શેઠ
મો. ૯૮૨૪૦ ૯૭૯૪૪



પ્રદ્યુમ્ન પ્રકાશ સન્યાસી
મો. ૯૮૨૫૦ ૨૯૨૦૪

# આવશ્યક સેવાના કર્મચારીઓ સાથે ધૂળેટી







આપણે સુરક્ષાની ચિંતા કર્યા વિના તહેવારો ઉજવી શકીએ છીએ કારણ કે પોલીસ આપણા તહેવારોમાંય ફરજરત હોય છે, આપણે રજાઓમાં મુક્ત મને ચાહીએ ત્યાં ફરી શકીએ છીએ કારણ કે વાહનવ્યવહાર કર્મચારીઓ આપણી રજામાંય ફરજરત હોય છે... આવશ્યક સેવાઓ અર્પતા કર્મચારીઓ જાહેર રજાઓ કે તહેવારના દિવસોમાં પણ ફરજ બજાવતા હોય છે ત્યારે તેઓ આ તહેવારના ઉમંગથી વંચિત રહી જાય છે. આવું ન બને એ માટે ગાંધીનગર શહેરમાં કલાકારોની બ નેલી સંસ્થા જી ઈ ક્લબ છેલ્લાં કેટલાંક વર્ષોથી પ્રયાસ કરે છે. રક્ષાબંધન અને ધૂળેટી જેવા તહેવારો નિમિત્તે આ સંસ્થાના સભ્ય યુવક-યુવતિઓ પોલીસ સ્ટેશન અને એસટી ડેપો જેવાં સ્થાનો પર પહોંચી જાય છે અને તહેવારની ઉજવણી તેમની સાથે મળીને કરે છે અને એ દ્વારા ભલે થોડીવાર માટે પણ તહેવારની ઉજવણીમાં સામેલ થવાનો આનંદ એમને અર્પણ કરે છે. આ વખતે પણ ધૂળેટી નિમિત્તે જી ઈ ક્લબનાં પૂજા શાહ, રિયા નિમાવત, ઝરણા કડિયા અને સાગર દેસાઈ દ્વારા સૅક્ટર-૭ પોલિસ સ્ટેશન, સૅક્ટર-૧૬ પોલીસ સ્ટેશન, એસ ટી ડૅપો ઉપરાંત મુખ્ય માર્ગો ઉપર ફરજ બજાવતા ટ્રાફિક પોલિસ સાથે મળીને ધૂળેટીની ઉજવણી કરવામાં આવી હતી અને ઘડીભર માટે પણ આવશ્યક સેવાના આ કર્મચારીઓના ચહેરા પર સ્મિત લાવવામાં આ યુવાઓ સફળ થયા હતા. **(તસવીર : કશ્યપ નિમાવત)**

## વિદ્યાર્થીઓએ રંગોના ઉત્સવમાં સંવાદિતા પ્રસરાવી





જમના બાઈ નરસી સ્કૂલ, ગીફટ સીટી ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા શાંતી, સંવાદિતા અને આનંદ ઉપરાંત ક્ષમાવૃત્તિનો સંદેશ પ્રસરાવીને અસામાન્યપણે હોળી ઉજવવાનો નિર્ણય લેવાયો હતો. વિદ્યાર્થીઓએ આ તહેવારને કોઈ ધર્મ, જાતિ કોમ કે માન્યતા સાથે સાંકળ્યો ન હતો. આ અંગે વધુ વિગત આપતાં જમના બાઈ નરસી સ્કૂલ, ગીફટ સીટી ગાંધીનગરના પ્રિન્સિપાલ કવિતા બાજપેયીએ જણાવ્યું હતું કે " અમે હોળીની સાચી ભાવના જાળવીને ક્ષમા વૃત્તિ અને હૃદયમાં તમામને માટે સન્માનની ભાવનાનો સંદેશો આપી આસપાસમાં મૂખ્ય મૂલ્યોના છંટકાવનો પ્રયાસ કર્યો છે." આ પ્રસંગે ઝેરી અને નુકશાનકારક રંગોનો ઉપયોગ નિવારવાના હેતુથી વિદ્યાર્થીઆએ ગુલાબની પાંખડીઓ, નારંગીની છાલ, બીટરૂટ, શુ ફ્લાવર, પલાશનાં ફ્લાવર વગેરેને સૂકવીને તથા પીસીને જાતે સ્કૂલમાં ઓર્ગેનિક પદાર્થો તથા કુદરતી તત્વોમાંથી રંગો બનાવ્યા હતા. વિદ્યાર્થીઓ આ રંગો ઘરે પણ લઈ ગયા હતા જેથી તેને પાણીમાં ઓગાળીને તેમજ સૂકા રંગ તરીકે ફરીથી ઉપયોગ કરી શકાય. આ પાવડર સ્વરૂપના રંગો સંપૂર્ણપણે બીનઝેરી અને નુકશાન કરે નહી તેવા હતા. એ દ્વારા વિદ્યાર્થીઓને માત્ર હોળી રમવાનો જ નહી પણ સલામત હોળી રમવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

### લોકસાહિત્ય પરિવાર દ્વારા

# ૨૮ માર્ચે ટાઉલહૉલ ખાતે લોકડાયરાનો કાર્યક્રમ યોજાશે

### ઓસમાણ મીર અને ભારતીબેન વ્યાસ લોકગીતોની લ્હામ કરાવશે

### ભજનીક વિષ્ણુભાઈ પનારાનું સન્માન કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર ટાઉનહૉલ ખાતે ૨૮ માર્ચના રોજ લોકસાહિત્ય પરિવાર, ગાંધીનગર દ્વારા 'શબદનો આરાધ' નામે લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ઓસમાણ મીર અને ભારતીબેન વ્યાસ કલાકાર તરીકે ઉપસ્થિત રહેશે.

આ અંગેની વિગતો આપતાં ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરૂષોત્તમભાઈ રૂપાલા, પૂર્વ નાણાંમંત્રી બાબુભાઈ મેઘજી શાહ અને પૂર્વ ધારાસભ્ય જયંતિભાઈ ભાનુશાળીએ જણાવ્યું છે કે સત્રા પ્રૉપર્ટીઝ મુંબઈના સૌજન્યથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વિધાનસભા સત્ર દરમ્યાન ગુજરાતના લોક પ્રતિનિધિઓના સાંનિધ્યમાં ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છના લોકજીવનના વિવિધતામાં એકતાનો અહેસાસ કરાવતા લોકસાહિત્ય અને લોકગીતના કલા વારસાના સાચવતા કલાકારોને ગાંધીનગર બોલાવી લોકડાયરાના માધ્યમથી દર વર્ષની પરંપરા મુજબ જુદા-જુદા નામે જુદી-જુદી ઓળખે માણવાનો અવસર લોકસાહિત્ય પરિવાર, ગાંધીનગર દ્વારા પ્રયોજાય છે.

તા. ૨૮ માર્ચના રોજ રાત્રે ૯ કલાકે આયોજિત આ કાર્યક્રમમાં આ વખતે સૂર-શબદના તોલમાપની આલબોલે છવાયેલ શબદના આરાધક એવા લોકગાયક-ભજનીક ઓસમાણ મીર તથા ભક્તિ રસને વારસાગત નિભાવી ગૌરવ સભરતાને સવાયું બનાવનાર ભજનીક ભારતીબહેન વ્યાસ ભાગ લેશે.

આ પ્રસંગે લોકકળાના આરાધક વિષ્ણુભાઈ પનારાને તેમના ભજનક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન બદલ સન્માનવામાં આવશે, એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

## નટવર આહલપરાને સારસ્વત એવોર્ડ



'અચલા' એજયુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા તાજેતરમાં જી.એમ.ડી.સી. હોલ ખાતે મહામહિમ રાજયપાલ ઓ.પી. કોહલી સાહેબના હસ્તે નટવર આહલપરાને જીવનભર ઉત્તમોત્તમ શૈક્ષણિક, સામાજીક અને સાહિત્યિક કામ કરવા બદલ સારસ્વત એવોર્ડ ૨૦૧૬ આપવામાં આવ્યો હતો.

## વિશ્વ રંગભૂમિ દિવસથી નવતર સંસ્થાનો આરંભ

ગાંધીનગર, તા. ૨૫

આગામી વિશ્વ રંગભૂમિ દિવસ નિમિત્તે શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય કરતી નવતર સંસ્થા 'ત્રિદલ'નો આરંભ થઈ રહ્યો છે.

સંદ પરંપરાના સાધક કવિ ડૉ. દલપત પઢિયાર આગામી રવિવારના રોજ સાંજે પાંચ કલાકે નમન ઍપાર્ટમૅન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સૅક્ટર-૨૧ ખાતે સંસ્થાનો પ્રારંભ કરાવશે. આ સાથે જ તેઓ પોતાના કાવ્ય સંગ્રહ 'સામે કાંઠે તેડાં'ની રચનાઓ શબ્દ, સૂર અને લયથી અજવાળશે. આ અવસરે ઉપસ્થિત રહેવા સૌ રસજ્ઞોને ભાનુપ્રસાદ પુરામી દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.





જગતમાં શ્રી ચૈતન્ય મહાપ્રભુના થયેલ પાવન અવતરણની યાદગીરીરૂપે હરે કૃષ્ણ મંદિર ભાડજ ખાતે ગૌર પૂર્ણિમાની ઉજવણી થઈ. શ્રી ચૈતન્ય મહાપ્રભુ પોતાની સ્વર્ણરૂપી કાયાને કારણે ગૌરાગાં તરીકે પણ પ્રસિધ્ધ છે. આ વર્ષે તેમની ૫૩૦મી જન્મજયંતિ ઉજવવામાં આવી હતી. આ ઉત્સવ ગૌડીય વૈષ્ણવો માટે નવા વર્ષના પ્રારંભનુ પણ નિરૂપણ કરે છે અને ભકતો રાત્રે ચંદ્ર પૂર્ણપણે ખીલી ઉઠે ત્યાં સુધી ઉપવાસ રાખે છે. જગતમાં હરિનામ સંકિર્તનનો પ્રારંભ સર્વ શકિતમાન ભગવાન શ્રીકૃષ્ણ સ્વંયમ થકી કરવા ઈચ્છતા હતા તેમજ સ્વંયમના ઉદાહરણ દ્વારા કેવી રીતે ભકિતમય સેવામાં સ્વયંએ સમર્પણ કરવું એ દર્શાવવા માંગતા હતા. આથી શ્રીમતી રાધારાની કે જે ભગવાનની સર્વોચ્ચ ભક્ત છે તેમના મનોભાવનો સ્વીકાર કરીને પોતે એક ભક્તરૂપે પ્રગટયા હતા. તેમના અવતરણના આ દિવસને ગૌર પૂર્ણિમા ઉત્સવ તરીકે દર વર્ષે ઉજવવામાં આવે છે.

ભક્ત સમુદાય દ્વારા શ્રી ચૈતન્ય મહાપ્રભુ જેમણે જગતભરમાં ભગવાન શ્રીકૃષ્ણના પવિત્ર નામનુ રટણ કરવાના ઉદેશનો પ્રસરાવ કર્યો એ ઉદેશનું નિરૂપણ કરતા હરિનામ સંકિર્તનનું રટણ દિવસ આખા દરમ્યાન કરવામાં આવ્યું. મંદિરનો દરેક ખૂણો હરે કૃષ્ણ મહામંત્રના આધ્યાત્મિક ધ્વનિતરંગોથી ગૂંજી ઉઠયો હતો અને ભકતોની આધ્યાત્મિકતાને વેગ મળતા તેમના ભગવાન પ્રત્યેના ભક્તિમય સમર્પણમાં ઉમેરો થયો હતો.

શ્રી શ્રી નિતાઈ ગૌરાંગ (ભગવાન શ્રીચૈતન્ય અને શ્રી નિત્યાનંદા) ને સુંદર પૂષ્પોથી સુશોભિત પાલકીમાં મંદિરના અધિકારશ્રેત્રમાં વિહાર કરાવવામાં આવ્યો. ચૌતરફનું વાતાવરણ હરે કૃષ્ણ મંત્રના નાદથી અને ઢોલનગારાના અવાજથી ગૂંજી ઉઠ્યું હતું.


# સંત મહંત અનંત વીરોની વહાલી અમારી માત... ગુણવંતી ગુજરાત

**શૂરગાથા ગુજરાતની... સોમનાથ, દ્વારકાથી કચ્છ, વડનગર, નરસિંહ મહેતા, ઝવેરચંદ મેઘાણીથી સરદાર પટેલ, ગાંધીજી સુધીના પ્રસંગોની ૨૧ શૌર્યગાથા સાથે સુરમધુરના મયંક દવેએ ગીત-સંગીત, નૃત્ય-નાટ્ય ને દૃશ્ય-શ્રાવ્ય સાથે ગૌરવવંતા ગુજરાતનો ભવ્ય મલ્ટીમીડિયા શો પ્રસ્તુત કર્યો**

ગૌરવવંતા ગુજરાતની વીરકથાઓ સાથે વીરરસ ઉજાગર કરતો ગુજરાતનો ભવ્ય મલ્ટીમીડિયા શો, સાથે કલાકારો અને નૃત્ય સાથેની પ્રસ્તુતિએ એક નવું પ્રકરણ સાંસ્કૃતિક ક્ષેત્રે આલેખ્યું. લોક સાહિત્યના શિરોમણી લેખક દોલત ભટ્ટની કથા અને એમાં સમાવિષ્ટ વીરતા, વતનપરસ્તી, ધર્મ અને સ્ત્રી રક્ષણ તેમજ અખંડિતતા અને ભાઈચારા કાજે પોતાનું જીવન ન્યોછાવર કરનાર જાણીતા અને અનજાન બધાં શૂરવીરોને શ્રધ્ધાંજલિ સહ એમની સ્તુતિ કરતો કાર્યક્રમ એટલે શૂરગાથા ગુજરાતની...

ગાંધીનગરના ઘ-૫ના ઓપન ઍર થિયેટર ખાતે રાજયપાલ ઓ પી કોહલીના હસ્તે દીપ પ્રાગટ્ય થઈ ખુલ્લો મૂકાયો આ કાર્યક્રમ. એની રજૂઆત, વિષય ગૂંથણી, કલાકારો, સૂત્રધાર સાથે વિશાળ ઍલઈડી સ્કિન, ગીત-સંગીત, નૃત્ય-નાટ્ય, દૃશ્ય-શ્રાવ્ય સાથે વિઝ્યુઅલ ઈફેક્ટ અને સરાઉન્ડ સાઉન્ડ ટૅકનોલૉજી સાથે રજૂ થયેલો સુરમધુર કાર્યક્રમ જોવા રાજ્યપાલ પણ પૂરા અઢી કલાક બેસી રહ્યા એ પરથી જ એની પકડ સમજી શકાય છે.

દોલત ભટ્ટના સંદર્ભ સાથેની કથા અને સ્વ. રૂદ્રદત્ત રાણા, ધ્વનિલ પારેખ અને મયંક દવેની પટકથા-સંવાદ સાથે કચકડે મઢાયેલી આ શૂરગાથામાં સોમનાથની સખાતે



(તસવીર : દિપક જાની)




આ ભૂમિ શૂરવીરોની છે, કલા-વૈભવ-શંખધ્વનિ સાથે ચંદ્રમૌલિ, ભીમદેવ, સોમનાથ, હમીરસિંહ ગોહિલ, વેગડાભીલ, રાજલની વાત અને એમાં સોમનાથની મર્દાનગી બચાવવા રાજલના ઘડિયા લગ્નનો પ્રસંગ રૂંવાડા ઊભા કરે એવો... ચઢેલા વીર હમીરસિંહ, નરસિંહ મહેતા, ઝવેરચંદ મેઘાણી, હેમાળ પટેલ, જેસલ-તોરલ, ભૂચર મોરી, ભવાઈ કલાકાર અસાઈત ઠાકર, ઝાલા દરબાર, રાનવઘણ, તાના રીરી, સરદાર પટેલ, ગાંધીજી જેવા પ્રસંગોને વણીને સૂત્રધાર ડૉ. રણજિત વાંકની મદદથી સળંગ પ્રસ્તુતિ કાર્યક્રમનું જમા પાસું બન્યું.

ઝાલાવાડ ઘુડખરના વિસ્તારના હળવદના ઝાલા, ગુંદીયાળમાં મહંમદ બેગડાનો સામનો કરવા ૮૦-૯૦ સૈનિકો જેમના માથાં વઢાયા પછી પણ ધડ લડતાં રહ્યાં જ્યાં આજેય એમના પાળિયા પૂજાય છે એ આખી વીઍફઍક્સ બૉલીવૂડ કક્ષાની હતી.

વિશાળ સ્કિન પર દર્શાવતાં દૃશ્યો, પ્રસંગોની સાથોસાથ ભજવાતાં ઓરિજિનલ દૃશ્યો માટે ગાંધીનગરના નીવડેલા કલાકારો આશા સરવૈયા, ભૂમિ ભટ્ટ, હેતલ ભટ્ટી, ફાલ્ગુન નંદા, નીતિન પરમાર, પ્રવણ જોષીપુરા, હિરેન ભટ્ટ, ગુંજન વોરા, નિસર્ગ બુચ, હરેશ ભટ્ટ, અનિષ મંકોડી, નિષ્ઠા જોષી જેવા બીજાય અનેક કલાકારોએ પ્રસંગને અદભૂત ભજવી બતાવ્યા...

કૂવા પર થયેલી ગામની એક કન્યાની છેડતી સામે હરિશંકર મહેતા રણસંગ્રામે ચડ્યા અને ગામની દીકરી સારુ આખું ગામ કપાઈને મર્યું જેવા અનેક પ્રસંગોનું જકડી રાખતું નાટ્ય દિગ્દર્શન અખ્તર સૈયદનું હતું... ઓડિયો-વિઝ્યુઅલનું સંગીત જે આ સમગ્ર કાર્યક્રમનું સજ્જડ પાસું હતું એ ધાર્મિક દવેએ જાળવી રાખ્યું... લાંબો ડગલો, મુછો પાતળી સાથે રંગલો-રંગલી આવીને ઊંઝાના હેમાળ પટેલ અને ૩૬૦ ભવાઈ લખનારા અસાઈત ઠાકરની અદ્ભૂત વાતો જાણવા મળી. ભવાઈ ભજવવા ખાસ કલાકારો બોલાવેલા જેમણે સર્વજ્ઞ દવેના માર્ગદર્શન હેઠળ ઓચ્છવલાલ કંસાર જેવા કલાકારે કસબ બતાવ્યો.

શૂરગાથા ગુજરાતની પ્રૉજેક્ટ માટે સુરમધુરના મયંક દવે છેલ્લા સાડા ત્રણ વર્ષથી કાર્યરત હતા. સુરમધુરના ટ્રસ્ટી વીણા દવે, સ્મિતા અધ્વર્યુ, ડૉ. વિજય ઉપાધ્યાયના અથાગ મહેનતને લઈ આ અતિ ખર્ચાળ પ્રૉજેક્ટ સાકાર થયો હતો.

ગુજરાતની શૂરગાથા દર્શાવ્યા પછી 'હવે શું ? આપણી કોઈ જવાબદારી નથી ? જેવા પ્રશ્નને છોડીને કાર્યક્રમ પૂર્ણ થઈ ગયો...

સુરમધુરની ટીમ સાથે જોડાયેલા દરેક નાના-મોટા કલાકાર, કસબી અભિનંદનને પાત્ર...

## ગૌરવ પુરસ્કાર જાહેર થવા બદલ ડૉ. અંબાલાલ પ્રજાપતિને સાહિત્ય સભાના અભિનંદન

ગાંધીનગર, તા. ૨૫

સંસ્કૃત ભાષાના જાણીતા કવિ પ્રા. ડૉ. અંબાલાલ પ્રજાપતિને ગુજરાત સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર જાહેર થયો છે, જેનાથી ગાંધીનગરના સાહિત્ય જગતમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

આ પુરસ્કાર આગામી ૩૦ માર્ચના રોજ રાજભવન, ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્યના રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલીના હસ્તે એનાયત કરવામાં આવશે.

ડૉ. અંબાલાલ પ્રજાપતિ ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય છે. ગાંધીનગર સાહિત્ય સભાએ આ સમાચાર સાંભળી હરખ વ્યક્ત કર્યો છે અને સભાના ભરત કવિ, સુરેશ ભટ્ટ, નટવર હેડાઉ, મૂળજીભાઈ પરમાર, સંજય થોરાત, હરેશ ભટ્ટ, મહેન્દ્ર રાઠોડ તથા તમામ કારોબારી સભ્યોએ તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
રૉકી હૅન્ડસમ
૧૨.૧૫, ૨.૪૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
બૅટમૅન વર્સીસ સુપરમૅન (૩ડી અંગ્રેજી)
૧.૦૦, ૭.૦૦
બૅટમૅન વર્સીસ સુપરમૅન (૩ડી હિન્દી)
૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
૩ ડોબા (ગુજરાતી)
૪.૦૦
કપૂર ઍન્ડ સન્સ
૧૨.૪૫, ૧૦.૦૦
જય ગંગાજલ
૭.૦૦

**સ્ક્રીન-૫**
રૉકી હૅન્ડસમ
૧૦.૦૦, ૧.૧૫, ૯.૩૦
કપૂર ઍન્ડ સન્સ
૩.૪૫, ૬.૪૫